**અમદાવાદના મહેરબાન એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નંબરઃ ૨ સમક્ષ.**

| |
|---|
| **ફોજદારી કેસ નં. ૮૦૫/૧૯૯૫** |
| **આંક.૧ અન્વયે હુકમ** |

ફરીયાદી :– એમ્પ્લોઈઝ સ્ટેટ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન

**વિરુધ્ધ**

આરોપી / ઓ :– મે.એવરેસ્ટ કેમીકલ્સ ઈન્ડ. અને બીજા.

**<u>ચુકાદો</u>**

/૧/. સદર કામનું કેસ રેકર્ડ આજ રોજ સ્પેશ્યલ સીટીંગ દરમ્યાન હાથ પર વંચાણે લીધું. હાલના કેસની ટુંકમા હકીકત એવી છે કે, સદર કેસનું રેકર્ડ ધ્યાને લેતાં એમ્પેઈલઝ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન કે જે ફરીયાદી છે તેઓએ હાલના કેસના આરોપી સામે ઈ.એસ.આઈ.એકટ–૧૯૪૮ ની જુદી જુદી કલામો હેઠળની ફરીયાદ દાખલ કરેલ છે. ત્યારબાદ આરોપી વિરુધ્ધ આ અદાલત ધ્વારા વારંવાર સમન્સ/વોરન્ટની બજવણી કરવામાં આવેલ હોવા છતાં/ બજે કે વગર બજે પરત આવેલ નથી અને આ બાબતે ફરીયાદ પક્ષના વિ.પ્રોસીકયુટરનું ધ્યાન પણ દોરવામા આવેલ અને નવુ સરનામું રજૂ કરવા જણાવેલ પરંતુ તેઓ તરફથી આજ દિન સુધી આરોપીના સરનામા રજૂ કરેલ નથી કે અરજીઓ પણ કરેલ નથી. આમ, હાલની ફરીયાદ તે ખાનગી ફરીયાદ તરીકે દાખલ થયેલ છે.

/૨/. આમ, સદર કામે આરાપીને પ્રોસેસ બજાવવા પુરતા પ્રયત્નો કરવા છતા આરોપીને પ્રોસેસની બજવણી થઈ શકેલ નહી તેમજ તમામ પ્રયત્નો કરવા છતા આરોપીની ટ્રાયલ દરમ્યાન હાજરી સુનિશ્ચિીત કરી શકાતી નથી. પ્રસ્તુત કેસ ઘણો જ જુનો છે તેમજ અવારનવાર પ્રયત્નો કરવા છતા આરોપી મળી આવતો ન હોય સદર કામે ફરીયાદી–કચેરીના અધિકારીને પ્રોસેસ કાઢી બજવણી અર્થે સોપવામા આવેલા તેમજ તેઓને આરોપીને કોઈ પણ રીતે શોધી તેઓના નવા સરનામા અત્રેની અદાલત સમક્ષ રજૂ કરવા જણાવવામા આવેલ તથા હાલના સોપેલ પ્રોસેસ આરોપીને બજવણી કરી અત્રેની અદાલતને પરત કરવા આપવામાં આવેલ. પ્રસ્તુત કેસમાં ફરીયાદી–કચેરીના અધિકારી ધ્વારા સદર પ્રોસેસની બજવણી કરવા પૂરતા અને તમામ પ્રયત્નો કરવામા આવેલ પરંતુ ફરીયાદી–કચેરીના અધિકારી આરોપીને શોધી શકવામા કે સમન્સની બજવણી કરવામાં અસફળ રહેલ છે તથા તે મતલબની નોંધ કરી તેઓને સોપેલ પ્રોસેસ અત્રેની અદાલતને પરત કરેલ છે.

/૩/. ઉપરોકત હકીકત ધ્યાને લેતા તેમજ હાલનું કેસ રેકર્ડ વંચાણે લેતા પ્રસ્તુત કેસ ઘણો જ જુનો છે તથા પ્રસ્તુત કેસમાં આરોપી નજીકના ભવિષ્યમાં પણ મળી આવે કે તેની સામે ટ્રાયલ શરુ થઈ શકે તેવી કોઈ શકયતા જણાતી નથી તદઉપરાંત હાલમા અદાલતોમાં કેસોના ભરાવાનું પ્રમાણ જોવામાં આવે તો આવા પ્રકારના ડેડવુડ કેસો કે જેમા ફરીયાદ પક્ષ પોતે આરોપીને શોધી શકે તેમ નથી, અદાલત સમક્ષ તેનું કોઈ સરનામું રજુ કરી શકે તેમ નથી કે નજીકના ભવિષ્યમાં ટ્રાયલ શરુ થઈ શકે તેમ નથી તેવા કેસો ફરીયાદ પક્ષને આરોપી જયારે મળી આવે ત્યારે ફરીથી પ્રોસીકયુશન દાખલ કરવાની પરવાનગી સાથે ફેસલ કરવામા આવે તો અદાલતોમા પેન્ડીગ

આવા જુના કેસોનું ભારણ ઘટી શકે તેમજ અદાલતો અસરકારક કેસો પર પુરતુ ધ્યાન આપી શકે.

/૪/. આ તબકકે અત્રેની અદાલતનું ધ્યાન નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા ક્રીમીનલ રીવીઝન એપ્લીકેશન નંબરઃ ૬૫૬/૧૯૯૯, ગુજરાત સરકાર વિ. કે.કે.હરખાણીના કેસમા તારીખઃ ૨૨/૩/૨૦૦૦ ના રોજ આપવામા આવેલ ચૂકાદા પર જાય છે જેમા નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા ઠરાવેલ છે કે,,

"2. The learned JMFC, Bhavnagar the case is more than six years old, the prosecution has been unable to serve the process issued in the said case against the accused nos. 10 and 11. The Court has attempted to effect the made attempts to serve them. However, so far they have remained unsuccessful in offecting service. Under the circumstances the learned JMFC directed that the trial should proceed against the accused nos. 1 to 9 and 12, and that as and when addresses of accused nos. 10 and 11 are obtained, liberty is reserved to the complainant to the file fresh complaints against them. ultimately the trial is directed to proceed as against accused nos.1 to 9 and 12.

3. On the facts and circumstances of the case find that the impugned order is completely justified, and unexceptionable. Learned counsel for the State is unable to point out as to how the impugned order would work to the prejudice of the prosecution or the complainant in any manner whatsoever. This revision is therefore, sum marily dismissed."

/૫/. ઉપરોકત તમામ હકીકતો તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો ધ્યાને લેતા હાલના કેસમાં પણ જો ફરીયાદ પક્ષને જયારે આરોપી મળી આવે તેવા સંજોગોમા ફરીથી નવુ પ્રોસીકયુશન એટલે કે નવી ફરીયાદ દાખલ કરવાની પરવાનગી સાથે હાલનો કેસ ફેસલ કરવામા આવે તો ન્યાયનો હેતુ જળવાય રહે તેમ છે, ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## <u>હુકમ</u>

૧. આ કામના આરોપી મળી આવતા ન હોય તેમજ ફરીયાદ પક્ષ આરોપીનું નવુ સરનામુ રજુ કરી શકે તેમ ન હોય તેમજ આરોપી સામેની ટ્રાયલ ટુંક સમયમાં શરુ થાય તેવી કોઈ શકયતા ન હોય, ફરીયાદ પક્ષને જયારે આરોપી તથા તેનું સરનામુ મળી આવે ત્યારે ફરીથી નવુ પ્રોસીકયુશન એટલે કે, નવી ફરીયાદ દાખલ કરવાની પરવાનગી સાથે આરોપી સામેની કાર્યવાહી હાલ પુરતી બંધ કરી હાલનો કેસ ફેસલ કરવા હુકમ કરવામા આવે છે.

હુકમ આજ રોજ સ્પેશ્યલ સીટીંગ દરમ્યાન વાંચી સંભળાવી જાહેર કર્યો.

તાઃ૧૧/૧૨/૨૦૨૧.
અમદાવાદ.

(એમ.વાય.રાધનપુરવાલા)
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નંબરઃ ૨, ઘી કાંટા, અમદાવાદ.
યુનીક કોડ નંઃ જીજે.૦૦૭૩૪